# શિક્ષણજગતને તાકતી એક અનોખી નવલકથા : ‘અંગદનો પગ’

**બકુલ દવે**

[**અંગદનો પગ :** લેખક અને પ્રકાશક : હરેશ ધોળકિયા, ન્યૂમિન્ટ રોડ, પૅરિસ બૅકરી પાસે, ભૂજ-કચ્છ-૩૭૦૦૦૧, પ્ર.આ. ૨૦૦૬, કિં. રૂ. ૭૫, પૃ. ૧૯૪]

હરેશ ધોળકિયાની બીજી નવલકથા ‘અંગદનો પગ’ શિક્ષણજગતની પૃષ્ઠભૂમિ પર આલેખાયેલી છે. લેખકે પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ આ નવલકથાનું સર્જન કરવાની પ્રેરણાનાં મૂળ, મનુષ્યત્વની શ્રેષ્ઠતાનું દર્શન કરાવતા આયન રેન્ડનાં પુસ્તક ‘Atlas shrugged’માં પડેલાં છે. એમાં ઉલ્લેખાયેલું પ્રતિભાશાળી (First raters) અને સામાન્ય(second raters)નું દર્શન એમને સ્પર્શી ગયું. શિક્ષક તરીકે એમને વિવિધ અનુભવો થતા રહ્યા, જે એમણે અહીં નવલકથાલેખનમાં ખપમાં લીધા છે.

‘અંગદનો પગ’માં ઝાઝાં પાત્રો નથી. જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવે એ બે શિક્ષકોની આસપાસ કથાવસ્તુ ગૂંથાયું છે. જ્યોતીન્દ્ર શાહ પ્રતિભાશાળી (First rater) છે, જ્યારે કિરણ દવે સામાન્ય (second rater) છે. સેકન્ડ રેટર, ફર્સ્ટ રેટરને કદીયે આંબી શકતો નથી એવા સંજોગોમાં, આગળ આવવા માટે એ કેવાં હવાતિયાં મારે છે ને ફર્સ્ટ રેટરને કેટલી રીતે નુકસાન પહોંચાડી શકે છે તે અથડામણ, સંઘર્ષ અને પછી જન્મતી પીડાની વાત લેખકે બ-ખૂબી અને લાઘવપૂર્ણ રીતે કરી છે.

November 2007

ડૉ. કિશોર શાળામાં ભણતો હતો ત્યારે તે જ્યોતીન્દ્ર શાહ અને કિરણ દવે બંનેનો પ્રિય વિદ્યાર્થી હતો, જેની સાથે બંને શિક્ષકોને – કિશોરે શાળા છોડ્યા પછી પણ સંબંધો જળવાઈ રહ્યા છે. એક રાત્રિએ ડૉક્ટર કિશોર પર કિરણ દવેનો ફોન આવે છે. એ કિશોરને પોતાને મળી જવાનું કહે છે. કિશોર જાય છે. ભૌતિક સગવડોથી સમૃદ્ધ ઓરડામાં, એક શેટ્ટી પર તકિયાને અઢેલી એના દવેસાહેબ બેઠા છે. બીમાર અને અશક્ત. થોડી આડીઅવળી વાત પછી એ કિશોરને કહે છે કે પોતે હવે બહુ નહીં જીવે. પછી મૂળ વાત પર આવતાં જણાવે છે કે પોતે એક ડાયરી લખી છે. એ ઇચ્છે છે કે તે ડાયરી કિશોર વાંચી જાય. કિશોરને નવાઈ લાગે છે. દવેસાહેબ અને ડાયરી લખે ? લખવું-વાંચવું અને ચિંતન કરવું એ દવેસાહેબની પ્રકૃતિમાં નહોતું. તે રાત્રે ઘેર જઈ કિશોર ડાયરી વાંચવાનું શરૂ કરે છે. સૂમસામ રાત્રિએ, દૃષ્ટિ સામે ફરતાં જતાં ડાયરીનાં પાનાંમાંથી પસાર થતાં એને સમજાતું જાય છે કે પોતે દવેસાહેબનું એકરારનામું વાંચી રહ્યો છે. ડાયરીના પાને પાને હવે સાહેબનું Confession છે. પોતાના સહકર્મી શિક્ષક જ્યોતીન્દ્ર શાહના પ્રભાવ જોઈ, તેજોદ્વેષથી એને પાછળ રાખી દેવા માટે પોતે જે કાવાદાવા કર્યા હતા તેનું એકરારનામું; જ્યોતીન્દ્ર શાહની મુઠ્ઠી ઊંચેરી પ્રતિભાની બરાબરી પોતે કરી શકવા માટે સક્ષમ નહોતા તેથી તેને ઝાંખી પાડવા માટે ખેલેલા પ્રપંચોનું એકરારનામું.

જ્યોતીન્દ્ર શાહ પણ – દવેસાહેબની જેમ ડૉ. કિશોરના પ્રિય શિક્ષક હતા. એમને માત્ર ભણવા અને ભણાવવામાં જ રસ હતો ને તે રીતે એ ખરા અર્થમાં કર્મયોગી હતા. શિક્ષણ એટલે ફક્ત ચાર દીવાલો વચ્ચે ભણાવતાં પાઠ્યપુસ્તકોમાં સમાઈ જતો અભ્યાસક્રમ જ નહીં પણ અનંત સમયખંડ પર પથરાયેલા જીવનક્રમનો એ અવિભાજ્ય કિસ્સો છે એવું એ વિચારતા ને તે જ રીતે પોતાના વિદ્યાર્થીઓને શિક્ષિત કરતા.

કિરણ દવે જ્યોતીન્દ્ર શાહને સહન કરી શકતો નથી, સ્વીકારી શકતો નથી. એ જ્યોતીન્દ્ર દ્વારા થતી પ્રવૃત્તિઓને સતત વખોડે છે. એને અકારણ ઉતારી પાડવાના પ્રયત્નો કરતો રહે છે. જ્યોતીન્દ્ર કિરણની મથરાવટી મેલી છે તે બાબતથી અજ્ઞાત નથી પણ એ સંઘર્ષથી દૂર રહેનારો માણસ છે. અલબત્ત, એ કિરણનો સામનો કરે છે પણ સંઘર્ષમાં ઊતરીને નહીં, પણ હકારાત્મક વલણ અપનાવીને. એ કિરણની લીટી ભૂંસતો નથી પણ પોતાની લીટી મોટી કરવાનું વલણ ધરાવે છે. નિર્દંભ તેમજ કશી આકાંક્ષાઓ અને અપેક્ષાથી રહિત જ્યોતીન્દ્રને પાછો પાડી દેવાના કિરણ દવેના ઉધામા કારગત નીવડતા નથી. એના હાથ હેઠા પડે છે. પરોક્ષ રીતે એ દરેક પ્રસંગે પરાજિત થતો રહે છે. નિસ્પૃહી જ્યોતીન્દ્ર બધું સહજ સ્વીકારીને ચાલે છે તેને લઈને ખટપટિયો કિરણ દવે સતત અજંપામાં રહે છે. હાર્યો જુગારી બમણું રમે તેમ એક વધુ પાસાં ફેંકી એ શાળાનો આચાર્ય બની જાય છે પણ જ્યોતીન્દ્રનો શાળામાં પ્રભાવ છે તેને એ દૂર કરી શકતો નથી. ઊલટું, એની છટપટાહટ વધે છે. પણ જ્યોતીન્દ્ર કંટાળી જાય છે, થાકી જાય છે. એક દિવસ એ કિરણને રાજીનામું ધરી દે છે. પ્રગટપણે અફસોસ વ્યક્ત કરતો કિરણ દવે અંદરથી ખુશી અનુભવે છે કે હવે સાચા અર્થમાં પોતે શાળામાં સર્વેસર્વા બની રહેશે.

જ્યોતીન્દ્રના વિદાય સમારોહમાં શાળાનો એક એક વિદ્યાર્થી હાજર રહે છે. સૌ તેને નમન કરે છે ને એ દરેકના મસ્તક પર વહાલથી હાથ ફેરવે છે. વિદાય લેતાં જ્યોતીન્દ્રને કિરણ માટે સહેજ પણ દ્વેષ નથી, ડંખ નથી. એનું હૈયું નીતર્યા નીર જેવું નિર્મળ છે. કિરણની આંખો સામે જ્યોતીન્દ્રનું એક વધુ રૂપે પ્રગટ થાય છે. જ્યોતીન્દ્રના વિરાટ રૂપ સામે કિરણ સાવ વામન અને પંગુ લાગે છે.

જ્યોતીન્દ્રની વિદાયથી શાળામાં એક યુગનો અંત આવે છે. એની ગેરહાજરીથી શાળામાં ન પૂરી શકાય તેવો અવકાશ ફેલાઈ જાય છે. રિક્તતા પ્રસરી જાય છે. કાર્યક્રમો-સમારંભો અને ખૂબ પ્રચારથી શાળા ગાજતી રહે છે પણ એની પ્રતિભા સોસરતી જાય છે. કિરણ દવેએ માંદગીના બિછાને પડ્યા પડ્યા, પશ્ચાત્તાપની ક્ષણોમાં આ બધું ડાયરીમાં લખ્યું છે તે ડૉ. કિશોર વાંચતો જાય છે તેમ તેમ એને આઘાત સાથે પોતાના પ્રિય દવેસાહેબનું માહ્યલું રૂપ નજરે પડતું જાય છે. દવેસાહેબની હીનતા, લઘુતાગ્રંથિથી પ્રેરિત ઈર્ષ્યા અને ખટપટિયા સ્વભાવને કારણે શાહસાહેબ જેવા પ્રજ્ઞાવાન અને પ્રતિભાસંપન્ન શિક્ષકનો લાભ શાળાને અને વિદ્યાર્થીઓને મળવો જોઈએ તેટલો ન મળી શક્યો તેનું કિશોરને દુઃખ થાય છે. જ્યોતીન્દ્ર શાહનો ભોગ લેવાયો પછી ‘‘ઉત્તમ’’ દેખાતી શાળા ખૂણામાં ધકેલાઈ ગઈ. સામાન્ય બની ગઈ.

ડાયરીનો અંત નાટ્યાત્મક છે. કિરણ દવે લખે છે : ‘‘કિશોર, તું આ ડાયરી પૂરી કરીશ ત્યારે મેં આ દુનિયામાંથી વિદાય લઈ લીધી હશે. હા, તું જેવો જઈશ કે તરત હું મોટા જથ્થામાં ઊંઘની ગોળીઓ લઈશ. શાંતિથી ઊંઘી જઈશ અને અપરાધભાવથી કાયમી મુક્ત થઈ જઈશ.’’

‘‘કિશોર, મને માફ કરજે. તને પ્રેરણા આપતો દવેસાહેબ તને કાયર લાગશે. સૉરી ! હું તો પ્રથમથી જ કાયર હતો. સિંહનું ચામડું પહેરેલો ગધેડો હતો.’’

કિરણ દવેના પાર્થિવ શરીરનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો છે ત્યારે ડૉ. કિશોર અને જ્યોતીન્દ્ર શાહ સ્મશાનમાં મળે છે. તે સમયે તે બંને વચ્ચેની વાતચીત દરમ્યાન જ્યોતીન્દ્ર શાહના ફર્સ્ટ રેટરના જ હોઈ શકે તેવા, વિધાયક સંવાદો નવલકથાના લક્ષ્યને તાકવામાં સહાયક બની રહે છે. પ્રસંગોની ગૂંથણીમાં લેખકે પોતાનું કૌશલ્ય અને સર્જનાત્મકતા દેખાડી કથાનું

સુપેરે નિર્વહણ કર્યું છે. લેખકનો દાર્શનિક અભિગમ કથાપ્રવાહમાં ક્યાંય અંતરાય બનતો નથી. લેખકનું ભાષાકર્મ કથાને શણગારે છે.

ડૉ. કિશોર રાત્રે અગિયાર વાગ્યે ડાયરી વાંચવાનું આરંભે છે ને વહેલી સવારે એ વાંચન પૂરું કરે છે ત્યારે એના ફ્લૅટની સામે આવેલા સિનેમાઘરમાં 'શોલે'નું બોર્ડ ઊતરી 'ટાઇટેનિક'નું નવું બોર્ડ લાગી ગયું હોય છે તે પણ સૂચક છે. અહીં, સિનેમાઘરમાં બોર્ડ બદલાઈ જાય છે તે સાથે નવલકથા પૂર્ણ થાય છે. 'અંગદનો પગ'માં, લેખક જણાવે છે તેમ રોચકપણું નથી. તિખારાની જેમ પ્રગટતી કેટલીક ચિંતનકણિકાઓ અહીં પ્રસ્તુત છે :

'વ્યક્તિ જવાનું અવશ્ય દુઃખ હોય, પણ તેનો સ્વીકાર કરવાથી જે સહજ શાંતિની અનુભૂતિ થાય છે તે અગત્યની ઘટના છે.' (પૃષ્ઠ ૧૪)

'માનવીને કોણ નથી ગમતું ? જે તેની નબળાઈઓ પકડી પાડે અને તેને બતાવે તે તેને નથી ગમતું.' (પૃષ્ઠ ૩૧)

'આંતરવૈભવ ઓછો હોય ત્યારે જ બાહ્યવૈભવની ઇચ્છા થાય છે. (પૃષ્ઠ ૯૮)

'મારે પરમ સ્વાતંત્ર્ય ભોગવવું છે તે જો અપરિગ્રહ હોય તો જ ભોગવી શકાય.' (પૃષ્ઠ ૧૧૪)

'જીવન ખૂબ સર્જનાત્મક હોવું જોઈએ. માત્ર પૈસા કમાવા કે ઘર તેવા નાના હેતુ ન હોવા જોઈએ. તે બધું ભલે હોય, પણ જીવન તો કળા, સંગીત અને આનંદથી ભરપૂર હોવું જોઈએ.'

શિક્ષણ સાથે જેનો થોડો પણ નાતો હોય તે સૌ કોઈને 'અંગદનો પગ'નું વાંચન સાર્થક નીવડશે.